# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ત્રીજા ક્વાર્ટરના નાણાકીય પરીણામો

અમદાવાદ: અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પૂરા થતા ત્રીજા ક્વાર્ટર માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા.જેમાં પરફોર્મન્સ હાઈલાઈટ્સ **9M FY2023 vs 9M FY2022**માં ઓપરેશન કામગીરીમાંથી આવક રૂ.૨૫૩૯ કરોડ, વાર્ષિક ધોરણે ૨૦.૫ટકા ની વૃદ્ધિ,**EBITDA** રૂ.૩૫૨ કરોડ જે **9M FY2022**ની સરખામણીમાં રૂ. ૩૦૦ કરોડ હતો અને **PAT** રૂ. ૨૨૯ કરોડ નોંધાયો જે **9M FY2022**ની સરખામણીમાં રૂ. ૧૯૪ કરોડ હતો જે ૧૮ટકા વૃદ્ધિ દર્શાવે છે.ટીસીઆઈના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષના ક્વાર્ટર ૩માં,કંપનીએ સ્થિર મેક્રો વાતાવરણ વચ્ચે સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે. અમારા તમામ બિઝનેસ સેગમેન્ટ્સે અપેક્ષાઓ અનુસાર સંતોષકારક પરિણામો આપ્યા છે. જ્યારે અમે ફુગાવા અને ધિરાણને આક્રમક બનાવવાની આસપાસના ઉદ્યોગવ્યાપી પડકારો પર સંતુલિત દ્રષ્ટિકોણ રાખીએ છીએ.